પારસમણી

ભજન સંગ્રહ.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

બુકસેલર મગનલાલ મનસુખરામ પટેલ.
ઠે. મામુનાયેકની પોળ—અમદાવાદ

આવૃત્તિ ૧ લી સને ૧૯૧૧ પ્રત ૨૦૦૦

અમદાવાદ—પીરમશાના રોજા પાસે શ્રી સત્ય સાગર પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ પોચાભાઇ ચકુભાઇએ છાપી.

કીંમત ૦—૮—૦

પારસમણી.

ભજન સંગ્રહ.

સંતો અમો વહેવારીઆ, શ્રી રામનામનારે (ટેક)
વેપારી આવે છે બધા, ગામ ગામનારે–સંતો૦
અમારૂં વસાણુ સંતો, સૌ કોને ભાવે, (૨)
અઢારે વરણ જેને હોરવાને આવે–સંતો૦
લાખ કરોડે લેખા નહી, ને પાર વિનાની પુંજી (૨)
હોરવું હોયતો હોરિ લેજો, કસ્તુરી છે સોંગી–સંતો
આવરોને ખાતાવહમાં, લક્ષ્મીવરનું નામ (૨)
ચીઠીમાંચત્રુભુજ લખીયા, નરસિંહાનું કામ. સંતો૦

૨

જેનેઘેર હરીજનહરિજશગાય, તેતો નીત્યગંગામાંનાય (૨)
અડસઠતીરથ ગુરૂને આંગણે, (૨) દુર ગયેશું થાય–જે.

ધ્રુવ નાહ્યા પ્રહલાદ નાહ્યા, હેતે નાહ્યા હનુમાન [૨]
પ્રીત કરી પરીક્ષત નાહ્યા,(૨) જોગી શુકદેવ ગાય—જે
સહુ સંત મળીધારણ બાંધ્યું;જ્ઞાન ગંગા તોલાય (૨)
જપતપતીરથજોડે મળ્યા(૨)તેમાંસર્વસાધનમળી જાય-
જ્ઞાન ગંગાનો મહીમા મોટો,મુખે કહયો નવ જાય (૨)
ભલેમળ્યામેતાનરસિંહનાસ્વામી, હેતેહરીનાગુણગાય-

૩

હરીનો મારગ છે શુરાનો, નહિ કાયરનુ કામ જોને;
પરથમ પહેલું મસ્તક મુકી, વળતી લેવું નામ જોને.
સુત, વિત્ત,દારા,શીશ સમરપે,તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહિ પડયા મરજીવા જોને.
મરણ આગમે ભરે મુઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઉભા જુવે તમાસો, તે કોડી નવ પામે જોને.
પ્રેમપંથ પાવકની જવાળા, ભાળી પાછા ભાગે જોને.
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સ્હેલ જોને.
મહા પદ પામ્યા તે મરજીવા, મુકી મનનો મેલ જોને.
રામ અમલમાં રાતા માતા, પુરા પ્રેમી પરખે જોને.

પ્રીતમના સ્વામીની લીલા, તે રજની દિન દેખે જોને.

૪

હરિને ભજતાં હજુ કોઇની લાજ, જાતાં નથી જાણીરે;
જેની સુરતી સામળીયા સાથ, વદે વેદ વાણીરે. (ટેક)
વહાલે ઉગાર્યો પ્રહલાદ, હિરણ્યકશ્યપુ માર્યો રે. (૨)
વિભીષણને આપ્યું રાજ્ય, રાવણને સંહાર્યો રે–હ૦
વહાલે નરસિંહ મેતાનો, હાર, હાથોહાથ આપ્યોરે. (૨)
ધ્રુવને આપ્યું અવિચળરાજ, પોતાનો કરી થાપ્યોરે
વહાલે મીરાં તે બાઇના ઝેર, હળાહળ પીધાં રે. (૨)
પાંચાળીના પુર્યાં ચીર, પાંડવ કામ કીધાં રે–હરિને૦
આવો હરિ ભજવાને લ્હાવો, ભજન કોઇ કરશેરે. (૨)
કર જોડી કહે પ્રેમળદાસ, ભકતોના દુઃખ હરશેરે–હ૦

૫

તારા મનમાં જાણે છે મરવું નથીરે.
એવો નિશ્ચય કર્યો નીરધાર.
તેમાં ભુલી ગયો ભગવાનને રે. ટેક

ધન દોલત નારીને ઘણા દિકરારે (૨)
ખેતિવાડી ઘોડીને દરબાર—તેમાં૦
મેડી મંદીર ઝરૂખાને માળિયારે (૨)
સુખદાયક સુંદર સેજ—તેમાં૦
ગાદિ તકિયાને ગાલ મશુરિયારે (૨
અતિ આડ કરે છે એજ—તેમાં૦
નીચી ખાંધ કરીને નમતો નથીરે (૨)
એવું સાધુ સંગાથે અભિમાન-તેમાં
વરમાળી મોહનજીની મુરતિરે (૨)
તેની સાથે ન લાગેલ તાન—તેમાં૦
પાપ અનેક જનમનાં આવી મળ્યાંરે (૨)
તારી મતિ મલિન થઇ મંદ—તેમાં૦
દેવાનંદના વહાલને વિસરી ગયોરે (૨)
તારે પડયો ગળે જેમ ફંદ-તેમાં૦

૬

તારે સાથે નગારાં વાગે મોતનારે,
નથી એક ઘડીનો નિરધાર;

તોય જાણ્યા નહીં જગદીશનેરે   ટેક
મોટા મેલીને રાજ મરી ગયારે   [૨]
જોને જાતાં ન લાગી વાર—તોય૦
તારૂં જોબન ગયું જખ મારતુંરે   [૨]
માથે કાળા મટી ગયા કેશ—તોય૦
અંતકાળે લેવાને જમ આવિયારે   [૨]
તેનો ભાળી ભયંકર વેશ—તોય
રોમ કોટિ વીંછુ તણી વેદનારે   [૨]
દુઃખ પામ્યો તુ દેવના ચોર-તોય૦
સગાં સ્વારથી મલ્યાંસૌ લુટવારે   [૨]
તેનું જરાએ ન ચાલે જોર—તોય૦
જીભ ટુંકી પડીને તુટી નાડિયોરે   [૨]
થયું દેહ તજ્યાનું તત્કાલ-તોય૦
દેવાનંદ કહે નવ જાણ્યા નાથનેરે   [૨]
મળ્યો મનુષ્યનો દેહ વીશાળ-તોય૦

૭

સુખ છે તમારા શરણુમાં—હો શામળીયાજી,

એ મારાગુરૂએ કહયું કરણમાં—હો શામળીયાજી.(ટેક)
જપ તપ તીરથ ચારે પદારથ (૨)
એ મારા ગુરૂજીના ચરણમાં—હોશામળીયાજી—સુખ૦
પ્રેમે કરીને મારે મંદિરે પધારો વહાલા [૨]
ન જોશો જાત કુળ વરણમાં—હો શામળીયાજી—સુખ૦
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ વહાલા [૨]
આડે આવજે મારા મરણમાં—હો શામળીયાજી—સુ૦

૮

સુખ દુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથના જડિયાં—સુખ૦
નળ રાજા સરીખો નર નહી, જેની દમયંતી રાણી;
અરધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યું અન્નને પાણી—
પાંચ પાંડવ સરખા બાંધવા, જેની દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિંદ્રા ન આણી—
સીતા સરખી સતી નહી, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી—સુખ૦
રાવણ સરખો રાજીયો, જેની મંદોદરી રાણી;

દશ મસ્તક છેદાઇ ગયાં, બધી લંકા લુટાણી—સુખ૦
હરિશ્ચંદ્રરાય સતવાદીઓ, તારાલોચની રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નીચ ઘેર પાણી—સુખ૦
સર્વ દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાંગી ભુધરે, મહેતા નરસઇનો સ્વામી—સુખ૦

૯

હરિજન થઇને, હાણુવરધ સુખદુઃખમનમાંન ધારીએ;
ટાળ્યા નહીંજ ટળે, ઘટસાથે ઘડીયા હીંમત નવહારીયે.
જુઓ કદરજ મહા દુઃખીયા કહાવ્યારે (૨)
કદી સુખ દુઃખ મનમાં નવ લાવ્યારે (૨)
તોય મોહનના મનમાં ભાવ્યારે—હરિજન૦
જુવો પાંડવ પ્રભુજીને અતિ પ્યારારે (૨)
પલ એક ઘડી નવ રહે ન્યારારે (૨)
તોય વન ભટકયા સંગ લઇ દારારે—હરિજન૦
વસુદેવ દેવકીજી બેઉ બંધ રહયારે (૨)
બહુ કાળના બંધન દુર થયારે (૨)
પ્રભુ પુત્ર થયાને દુઃખ દુર થયારે—હરિજન૦

એવું સમજીને હરખ ને શોક તજીયેરે (૨)
એક તાર મન થઈ પ્રભુને ભજીયેરે (૨)
કહે મુકતાનંદ હરિને રજીયેરે—હરિજન૦

૧૦

પ્રભુજીએ ધાર્યું હોય તે થાય;
ડહાપણ કોઈનું કામ ન આવે. (૨)
કરોને કોટિ ઉપાય—હાંરે હાંરે કરોને—પ્રભુ૦
ભીમ, અરજુન, સહદેવ, નિકુળ,
પાંચમા ધર્મ કહેવાય;
એ પાંચેના દેખતાંજીરે,
સતી તે કેમ લુટાય—પ્રભુ૦
રામ જેવા સત પુરૂષ કહીએ,
ને તે પાણ વનમાં જાય.
સતી સીતાને કલંક ચઢાવ્યો,
તો રાવણ શીર રોળાય—પ્રભુ૦

૧૧

જીવતુ શીદને ચીંતા કરે, કૃષ્ણને કરવુંહોય તેકરે(ટેક)

તું અંતર ઉદ્વેગ કરે, તેથી કારજ શું સરે;
ધણીનો ધાર્યો મનસુબો, હર બ્રહ્માથી નવફરે-કૃષ્ણને.
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્રવગાડે જંતરી, તેવો સ્વર નીસરે-કૃષ્ણને.
જેવું જેટલું જે જેમ કાળે, તે તેને કર ઠરે,
તેમાં ફેર પડે નહી કોઇથી, શીદ કુટાઇને મરે-કૃષ્ને.
તારૂં ધાર્યું થાય એટલું, હરી ઇચ્છા અનુસરે,
સદાકાળ એરીતનીભેનહી, શિદ હું પણમનમાં ધરે-
થવાનું અણચીંતવ્યું થાશે, ઉપનિષદ ઓચરે,
રાખ ભરોસો રાધાવરનો, દયા તું શીદનેડરે-કૃષ્ણને.

૧૨

સર્વ તજીને ભજીયેં શ્રી ગોવિંદને,
જે નારાયણ નોધારાના આધારજો
ભાંગે સંકટ કુડારે સંસારના
જેના નામે ઉતરીયે ભવપાર જો-સર્વ૦
અપર માને વચને ધ્રુવજી વન ગયા
નારદજીએ દીધો છે ઉપદેશ જો

૧૦

જ્ઞાન ભક્તિ વૈરાગ્ય તે મનમાં આણીયાં
પ્રભુ ભજવા કાંઇ ત્યાં જઇ બાળે વેશજો-સર્વ૦
દૈત્ય પુત્ર પ્રલ્હાદજીને આગે થયા
લાગ્યો છે કાંઇ પિતા પુત્રનો વાદજો
સ્તંભ થકી પ્રગટયારે નરસિંહરૂપ ધરી
શ્રી મહાપ્રભુજીએ દીધો તેને સાદજો-સર્વ૦
લાખા ગૃહમાં પાંડવને આવી મળ્યા
ભકતજનોને દીધી છે ઘણી ધીરજો
સમરણ પહેલાં આવ્યાછો રે તમે સદા
ભકતરે જન ઉગાર્યા પાંચ વીરજો-સર્વ૦
સુદામાનું દરિદ્રયપણું તો જાણીયું
મુષ્ટિક તાંદુલ આરોગ્યા મહારાજજો
દાસ દયાના પ્રભુજી એ કરૂણા કીજીયે
ભકતરે જનના કીધા કોટીક કાજ જો-સર્વ૦

૧૩

ધન્ય જેણે હરિગુણ ગાયા-સંસારીયામાં ધન્ય૦
બીજા સૌ જાણજો ભવાયા-સંસારીયામાં ધન્ય૦

હાથી ઘોડા ને સુખપાલ બેઠે શું થયું (૨)
શું થયું મેળવી માયા—સંસારીયામાં ધન્ય૦
કંઠ સાહીને જમ કાઢશે પલકમાં (૨)
દુર રહેશે સુત વિત્ત જાયા—સંસારીયામાં ધન્ય૦
દયાના પ્રીતમ ભજો નંદના કુંવરને (૨)
સફળ થાશે તારી કાયા—સંસારીયામાં ધન્ય૦

—→○○—

૧૪

પ્રેમ વિષે.

વહાલો પ્રેમને વશ થયા રાજીરે,
એમાં શું કરે પંડીત ને કાજીરે—વહાલો૦
કરમાબાઇનો આરોગ્યા ખીચડો,
ને વીદુરની ખાધી ભાજી,
જુઠા બોર શવરીના ખાધા,
વહાલે છપ્પન ભોગ મેલ્યા ત્યાગીરે—વહાલો૦
વિદુરને ઘેર શ્રીકૃષ્ણ પધાર્યા
ને કેળાં આણ્યાતા માગી.
ગર્ભ કાઢી નાંખીને છાલ ખવરાવી,

વહાલે તોએ ન જોયુ જાગીરે—વહાલો૦
ગુણુકા હતી તે પોપટ પઢાવતી.
ને તેમાંથી લેહ લાગી,
ભગવાન હતા તે સહેજમા મળ્યા,
એની સંસારની ભ્રમણા ભાગીરે—વ્હાલો૦
ભકતની લોક નિંદા કરે,
ને જગત થયુ છે બહુ પાજી,
ભલે મળ્યા મહેતા નરસિંહના સ્વામી,
માથે ગીરીધર રહયો છે ગાજી રે—વ્હાલો૦

૧૫

જે કો પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેનાઉરમાં ઠરે. ટેક
સિંહણ કેરૂં દુધ હોય તે,સિંહણ સુતને ઝરે. (૨)
કનક પાત્ર પાવી સહુ ધાતુ, ફોડીને નીસરે—પ્રેમરસ૦
સકકરખોરનું સાકર જીવન, ખરના પ્રાણજ હરે. (૨)
ક્ષીરસિંધુનું માછલડું જયમ,મીઠા જળમાં મરે—પ્રેમ.
સોમવેલ્લી રસ પાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે.(૨)
વગળ વંશીને વમન કરાવે, વેદ વાણી ઉચ્ચરે—પ્રેમ૦

૧૩

ઉત્તમ વસ્તુ અધિકારવિના મલે,તદપિ અર્થ ન સરે.
મચ્છીભોગી બગલો મુકતાફળ, દેખી ચંચુન ભરે પ્રે૦
એમ કોટી સાધને પ્રેમવિના, પુરૂષોતમ પુંઠ નફરે (૨)
દયા પ્રીતમ શ્રીગોવરધન ધર;પ્રેમ ભકિતયે વરે-૦

૧૬

રામ બાણ લાગ્યાં હોય તે જાણે
ઓલ્યા મુરખ મનમાં શું આંણે [ટેક]
ધ્રુવને લાગ્યાં પ્રહલાદને લાગ્યાં.
તો ઠરીને બેઠા ઠેકાણે.
ગર્ભવાસમાં શુકદેવને લાગ્યાં,
એતોવેદ વચન પ્રમાણે-રામ૦
મોરધ્વજ રાજાનું મન હરી લેવા,
હરિ આવ્યા જે ટાણે
લઇ કરવત મસ્તકપર મેલ્યું
ને પત્નીપુત્ર બેઉતાણે-રામ૦
મીરાં બાઇપર ક્રોધ કરીને
રાણોજી ખડગજ તાણે.

વિખનાપ્યાલાગીરધરલાલ આરોગ્યા
એતો અમ્રતને ઠેકાણે રામ
નરસિંહ મેતાની હુંડી સ્વીકારી
ખેપ ભરી ખરે ટાણે
આગળસંત અનેક ઓધાર્યા
એવું ધનોભગત ઉચ્ચારે-રામ

૧૭

મારે વરતો વિઠ્ઠલને વરવું છે રે,
હાંહાંરે મારે વરતો૦-
બીજાને મારે શું કરવું રે-મારે વરતો૦—
નંદના કુંવર સાથે નેડલો બંધાણો હાં (૨)
મારે ધ્યાન ધણીનું ધરવું છે રે,
હાહાંરે મારે ધ્યાન૦ બીજાને.
અવર પુરૂષની મારે આશ કરવીરે હાં (૨)
મારે છેડલો ઝાલીને ફરવું છે રે,
હાંહાંરે મારે છેડલો૦ બીજાને
સંસાર સાગરમાં મોહજળ ભરીયોરે હાં (૨)

१५

મારે તારે ભરોંસે તરવુ છેરે,
હાંહાંરે મારે તારે૦—બીજાને
બાઇ મીરાં કહેછે પ્રભુ ગીરધરના ગુણ હાં(ર)
મારે રાસ મંડળમા મરવું છે રે
હાં હાં રે મારે રાસ૦—બીજાને,

१८

શ્રીવલ્લભ વિઠ્ઠલ શ્રીજી સ્વામી, શામળીઆ વાલા;
સઘળું સમજો છો અંતરજામી, નંદલાલા.
ભય તો લાગે છે મુજને ભારી, શામળીઆ વાલા.
અંતકાળે શી વલે થાશે મારી, નંદલાલા.
સેવા સ્મરણ ના ભાવે કીધું, શામળીઆ વાલા.
રંક સાધુને દુઃખ દીધું. નંદલાલા.
હીણો શાસ્ત્રીય સહુ ધર્મે, શામળીઆ વાલા.
પરિપુરણ છું હું કર્મે, નંદલાલા.
સહુ જાણે છે ભકત સાચો, શામળીઆ વાલા.
પાખંડી પુરાતનથી કાચો, નંદલાલા.
બાહ્ય ગ્રહાની લાજ ધરજો, શામળીઆ વાલા.

પીડા ન પામું એવું કરજો, નંદલાલા
સન્મુખ લોચનમાં આવી રહેજો, શામળીઆ વાલા.
દોષ ન જોશો દરશન દેજો, નંદલાલા.
શ્રીમુખ બોલ્યા તે સાચુ કરજો. શામળીઆ વાલા.
દુઃખ દયાના સર્વે હરજો, નંદલાલા.

૧૯

કાયા જીવને કહે છેરે, સુણો મારા પ્રાણપતી;
મેલી મુજને ક્યાં જાઓછોરે, આ વગડામાં અથડાતી ૧
જીવ તમારા લીધેરે, ચાલુછું હું મદમાતી;
તમ વિના નહિ મારારે, આ દેહીના સંગાથી. ૨
જ્યારે તમેજ જાશોરે, ત્યારે તો મારી શી રે ગતી;
જ્યારે જાવુંજ હતુરે, ત્યારેતો પ્રીત કરવી નોહોતી ૩
ઘણાં લાડ લડાવ્યારે ભેગી બેશીને જમતી,
હવે કેમ તરછોડીરે, આવી કેમ ફરી મતી. ૪
કોક ગુરૂજ મળીઆરે, અગમગર જેની ગતી;
કરશે બ્રહ્મ સ્વરૂપેરે, એ હું જાણતી નોહોતી. ૫
દેવ નીરંજનરે, મુળે મંગળ મુરતી;

૧૭

તારો ભેદ ન જાણ્યોરે, એવી તારી અકળગતી. ૬
મારી કરણી ના જોશોરે, હું કરજોડી કરગરતી;
મેલી માયાને ચેતનરે, ચાલ્યા અમરાવતી. ૭
દાસ નારણસીંગ કહે છેરે, માયા પછે રહી રોતી;
ગુરૂ ગોવિંદને ભજશેરે, થશે તેની સત્ય ગતી. ૮

૨૦

જીવ કાયાને કહે છેરે, હું પંખીડું પરદેશી;
અમે ક્યાં સુધી રહીએરે, નથી અહિંના રેહેવાશી ૧
તારા મોહના તે ફંદમાંરે, પડી અમને ફાંસી;
તારી વાસના લીધેરે, ફર્યો લખ ચોરાશી. ૨
ગુરૂએ સમજ પાડીરે, જોયું સરવે તપાસી;
નીરખ્યા બ્રહ્મ સ્વરૂપનેરે, પોતાનું રૂપ પ્રકાશી. ૩
મારી કેડજ મેલોરે, શાને કરો ઉદાશી;
તમને તિરથ કરાવ્યાંરે, શ્રી ગંગાને કાશી. ૪
થયા રૂપ અરૂપરે, માયા ત્યારે દુર ખશી;
ભળ્યા તેજમાં તેજરે, હરી જેને ગયા વશી. ૫
દાસ નારણસીંગ કહેછેરે, અચળ થયા અવીનાશી;

ગુરૂ ગોવિંદને ભજશેરે, અમરપુરના વાશી. ૬

૨૧

જોડુરે એક મેંના પોપટનું, પાંજરૂ આ કાયા કંચનનુ
મેંના માયા હરીની દાસી,ચેતન પોપટજી અવીનાશી
જુઓને અંતરમાં પ્રકાશી. જોડુ૦ ૧
કારીગર પુરા કેહેવાતા, પચરંગી પાંજરૂ ઘડતા
તેના માંહી પોપટજી રહેતા, જોડુ૦ ૨
ચેતનનું તો તેજ ઘણુંરે તપે, શોભે પરિબ્રહ્મની રૂપે;
બેઠારે માંહિ મહા મંત્રને જપે. જોડુ૦ ૩
મેનારેમાયાપોપટનીનજરેપડીપોપટજીનુંમનડુલેઇહરી
પોપટજીની મત સમુળગી ફરી. જોડુ૦ ૪
મેંનારેતુંતોઆવનેઓરી, મારીનેતારીસરખીબંનેજોડી
મેંનાએ નાંખી મોહ તણી દોરી જોડુ૦ ૫
હવેરે મેંના કહેછે પોપટને,આવીને હુંતો વરૂછું તમને
રખેને દગો દેતાજી અમને, જોડુ૦ ૬
એવુંરસુણીપોપટથયોબેહાલ,તેમતેમમેંનાકરેજઇહાલ
મેંનારે તને કરવાનો હું ન્યાલ. જોડુ૦ ૭
હવેરમેંના પોતેમનમાંહસી,હુંતોપેલાપોપટનેરૂદિએવસી

એનેર લેઇ ફેરવ્યું ચોરાશી. જોડું૦ ૮
પોપટજીતો ભણવું એ ભુલીગયા,જઇને પેલી મેંનાના
વશમાં રહ્યા.
પોપટજી હવે મોહ દરીઆમાં વહ્યા જોડું૦ ૯
હવેર મેંનાપોપટજીબંનેને,બેઠોરેહતોકાળ બલાડો કને;
જઇને પેલા પોપટજીને હણે. જોડું૦ ૧૦
હવેરે પોપટને લાગ્યું ખારૂં, પેલુરેસુખકયાંરેગયું મારૂ;
પડે છે મારે મરવું ને અવતરવું. જોડું૦ ૧૧
ચેતનમટી જીવ સ્વરૂપે થયા, જયારે પેલી માયાન
વશમાં રહ્યા.
માટેર લખ ચોરાશીમાં ગયા. જોડું૦ ૧૨
નારણસાંગ ગુરૂચરણની આશ, માયાથકી થઇને
બેઠો છું નિરાશ.
આપોને હરી ચરણ કમળમાં વાસ. જોડું૦ ૧૩

૨૨

નાથકેસે ગજકોબંધ છોડાયો એહીઅચરત મોહેઆયો
ગજ ઓરગ્રહલડત જળભીતર લડતલડતગજ હારયો

જબ પુર સુઢ રહી જળ ઉપર, તબહરીનામપોકારાયો૧
સવરીકેબોર સુદામાકે તાંદુલ, રૂચી રૂચી ભોગ લગાયો
દુરજોધનકો મેવાહી ત્યાગ્યો ભાજી વિદુર ઘર પાયો ૨
પેઠ પાતાળ કાળી નાગ નાથો, ફેણ પર નરત કરાયો
ગીરી ગોવરધનકરપર ધારયોનંદઘેર લાલ કહેવાયો ૩
અગાશુર મારયો બગાસુર માર્યો દાવાનળ પાન કરાયો
સ્થંભ ફોડી હીરણાકશ્પમાર્યો નરસંગ નામધરાયો૪
અજામેલ ગજ ગુણકા તારી, ધરૂપતીકો ચીર બનાયો
પયપાન કરતા પુતના મારી કુબજાકો રૂપ બનાયો૫
દુર જોધનકો માન ઘટાયો, મોરો ભરૂશો આયો,
સબ સખીયન મીલી કંગનબાંધ્યો રેશમગાંઠ બંધાયો૬
છુટે નહી રાધાજીકો કંગન કેસે એ ધનુષ ઉઠાયો
ખોલ કોટડી પાદલ ધાયો ગરૂડકુ નાજ સંતાયો ૭
છુઠે નહી રાધાજકો કંગન ઓ બલ કીહારે છુપાયો,
જોગી જાકો ધ્યાન ધરતહે ધ્યાન ધરત નહી આયો ૮
સુરદાસ પ્રભુ તીહારો મીલકુ જસોદાકી ઘેન ચરાયો

૨૩

દયા ધરમ નહીમનમે, મુખડા કયાદેખે દરપણમેં;ટેક
જબલગ ફુલ રહે ફુલબાડી, બાસ રહે નીજફુલનમે
એકદીન એસી હો જાવેગી, ધાન ઉડેગી તનમે. ૧
ચુવાચંદન અબીર અરગજા, શોભે ગોરે તનમે.
ધન જોબન ડોંગરકા પાની ઢાલ જાવેગા ખીનમે, ૨
નદીયાં ગેરી હરી નાવ પુરાની, ઉતરે ચાહે સંગમે
ગુરૂ મુખ હોયશો પાર ઉતરે, નુગરા ડુબે ઉનમે ૩
કવડી કવડી માયા જોડી, સુરત હરીનિજ ધનમે;
દશ દરવાજે ઘેર લીએ જબ; રહીગઇમનકીમનમે,૪
પગડીયાં બાંધે પગ સવારે, તલ ઝુલા ઝુલ પેમે;
કહે કબીરા શુણભાઇ સાધુ, એ કયા લડરહેમનમે પ

૨૪

જાંહાં જોશો ત્યાં દુખીયાં બાબા,એ કયા લડરહ્યાનમે
જોગી દુખીયા જંગમ દુખીયાં, તપશીકુ દુખદુનાં
આશા મનશા સબ વ્યાપી, કોઇ પહેલ નહી સુના૧
રાજા દુખીયા પ્રજા દુખીયાં, દુખીયાં ઘર બૈરાગી.

દુખ કારણસેં શુકદેવને, ઉંદરી માયા ત્યાગી. ૨
સાચ કહેતો સબ જગ દુખીયા, જુઠા કહી ન જઈ;
બ્રહ્મા વીશ્ણુ શંકર દુખીયા જીન્ને શ્રષ્ટી જમાઈ. ૩
ધુત દુખીયા, અબધુત દુખીયા હઈ ધન રંકા;
કહેત કબીરા નહીઓ દુખીયા જીને મનકુ જીતા. ૪

૨૫

ધન્ય ડાકોર રૂડુ ગામ, વસે મારો વહાલોરે,
શામળીઓજી ચતુર સુજાણ, તેને જોવા ચાલોરે. ૧
બહુ બોડાણાની પ્રીતે; પ્રભુ પધારયારે,
અહીંઆં આવી ઉતમ કીધા,કેઅધમ ઓધારયાંરે.૨
ઘણા પાપી તે પાવન થાય દરશાન કરતાંરે,
દુખ જનમ મરણનાં જાય, સામા ડગ ભરતાંરે ૩
એવો આનંદ રૂપી અખંડ અંતરજામીરે,
વહાલોપ્રેમ તણે વશ થાય, પ્રીતમજીનો સ્વામીરે. ૪
એતો ભકતીતણે વશ થાય,પ્રીતમજીનાસ્વામીરે;

૨૬

ગોવીંદજી પ્રાણ અમારોરે મને જુગ લાગ્યો ખારોરે,

મુને મારો રામજી ભાવેરે બીજો મારી નજરેનઆ૦
મીરાંબાઇના મોહોલમાંરે હરી, સંતનકો વાસ,
કપટીથી હરી દુર વસેરે, મારા સંતન કેરાપાસ.૨
રાણોજી કાગળ મોકલેરે; દેજો મીરાંને હાથ,
સાધુની સંગત છોડીદ્યો. તમોરાખોદુનીયામાંલાજ૩
મીરાંબાઇ કાગળ મોકલેરે દેજો રાણાને હાથ,
સાધુની સંગત કબહુ નાછોડુ,નહીરહુતમારીપાસ ૪
વીખનો પ્યાલો રાણે મોકલ્યોરે, દેજો મીરાંને હાથ,
અમ્રત કરી મીરાંપીગયાંરે,જેનોહરીએઝાલ્યોહાથ૫
સાંઢવા સાંઢ શણગારજોરે, જાવું શો શો કોસ
રાણાજીના દેશમાંરે જળરે પીવાનો દોશ, ૬
ડાબો ઇહલો મેવાડનોરે, મીરા ગઇ પુરવ માંય
સરવ છોડી મીરાંનીસરયાં,જેનું મનડુનમાયામાંહી૭
સાસુ અમારી સુઅમાણારે, સસરો પરમ સંતોષ
જેઠ જુગોજુગ જીવજો મારો નાવલીઓનીરદોષ ૮
ચુંદડી ઓડુ તારે દંગ ચુવેરે રંગ સોરંગી હોય
ઓઢુંહું કાળો કાંબલો દુજો ડાઘ નલાગે કોય ગો ૯
મીરાં હરીની લાડણીરે રેહેતી સંત હજુર

સાધુ જનને હંતેશુ પેલા દલ કપટીશે દુર ગો० ૧

૨૭

માગતમાંખણરોટી, ગોપાળ પ્યારેમાગતમાખણરોટી,
મેરે ગોપાલજીકુરોટી બનાઉ. એકછોટીનેબીજીમોટી,
મેરેગોપાળજીકુબિછાકરૂંગી,બ્રખુભાનનીબેટી ગોપાળ
મેરેગોપાળજીકુ બંગીઓબનાદઉ,માથે કલંકીટોપી
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણ કમળ
ચીત જોતી.

૨૮

વાટ જુવે છે મીરાં રાંકડી ઉભી ઉભી,
મુનીવર સ્વામી મારે મંદીર પધારો,
વાલા સેવાકરે છે દીન રાતડી, ઉભી ઉભી વાટ. ૧
ફુલના તે હાર નેફુલના તે ગજરા,
ફુલના તોરારે ફુલ પાંખડી. ઉભી ઉભી વાટ. ૨
પે પકવાન મીઠાઇયોનેર મેવાને,
ઘેબર જલેબી તલ સાંકળી, ઉભી ઉભી વાટ. ૩

લવીંગ સોપારીને પાનનાં બીડાં રે,
એલચી દોડાને તજ પાખડી.   ઉભી ઉભી વાટ. ૪
સાગ સોનાનાં સોગઠાં ઢાળ્યાંરે,
રમવા આવે તો જાય રાતડી.   ઉભી ઉભી વાટ, ૫
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણ,
જોતાં ઠરે છે મારી આંખડી.   ઉભી ઉભી વાટ. ૬

૨૯

મુખડાની માયા લાગીરે મોહન તારા   ટેક૦
મુખડુ મેં જોયુ તારૂ સરવે જુગ થયુ ખારૂ
મન મારૂ રહ્યુ ન્યારૂરે મોહન તારા   ૧
સંસારીનુ સુખ એવુ ઝાંઝવાના નીર જેવુ
તેને તુછ કરી ફરીએરે મોહન તારા.   ૨
સંસારીનુ સુખ કાચુ પરણીને રંડાવું પાછુ
તેને ઘેર શીદ જઇએરે, મોહન તારા,   ૩
પરણુ તો પ્રીતમ પ્યારો અખંડ સાભાગ્ય મારો,
રાંડવાનો ભે ટાળ્યોરે મોહન તારા.   ૪
મીરાંબાઇ કહે બલીહારી, આશા એક મને તારી,

હવે હુતો બડભાગીરે, મોહન તારા. ૫

૩૦

લેને લેને લાવ જીવને જોતાં નહી મળે, (૨) ૧
કસ્તુરી ને કેવડો લઇ તેલમાં તળે,
આવો રૂડો મનખો મેલી ભુતમાં ભમે (લેને) ૨
મોતી સરખો દાણો લઇને દંટીમાં દળે, (૨)
બાવળીઆનુ બીજ વાવે આંબો નહિ ફળે,(લેને)૩
સંત બોલાવે બોલતો નથી અભીમાનમાં ફરે,(૨)
મારિ ધકકે આગળ કરશે વેઠે ભાર ભરે (લેને)૪
માયા તને મીઠી લાગે ગોળસે ગળી. (૨)
નરભેરામના સાથમાં તો કુળ નહી મળે. ૫

૩૧

હોલો હોલી કહેછેરે, પ્રભુજી મારી વારે ચઢો;
બચ્ચાં મારા મારેરે, તળે આવી ભીલ ખડો. ટેક
બાણુ તાણીને ઉભો પારધી, ને ઉપર આવ્યો બાજ
પોતામાંથી સરપ જો નીશરે તો વણુસે મારાં કાજ,

ગરૂડના ગામીરે આંટી રાખી રખે રહો, (હોલો) ૨
કહેતામાંજ પરવરીયાને શરપતમાં નીરવાણ,
પારધીનેતો પગેરે ડસીયો, તતક્ષણલીધા એનાપ્રાણ
ત્યાંથી બાણછુટારે બાજ આવી હેઠેપડયો.(હોલો)૩
કઠણવેળામાંકામજ આવે, જોભજનકરોતોભવ જાય
એવા સમરથ સ્વામીને મુકીને કોના પુજુ પાય;
ગુનેહગાર તારોરે તુળશીદાસ ખરો (હોલો) ૪

૩૨

બાનાની પત રાખ પ્રભુ તારા બાનાની પત રાખ
બાનારે માટે જો દુખ દેશો તો કોણ જપશે તારોજાપ ૧
રોહીતદાસની તમે પાતળી લીધીને નવ જોઇ જાતકે ભાત
શેનાની માટેસનમુખ રહિને તમે નાઇ કહેવાયાહોનાથ ૨
પ્રલ્હાદની તમેપ્રતિપાલણપાળીને સ્થંભમાંપુરયોવાસ
તાતી કડાતમે શીતલકીધી, સુધનવાને કાજ ૩
પંચાળીના પટકુળ પુરયાંને, રાખી સભામાં લાજ
સાગરમાંથી બુડતોરાખ્યો, રામ કહેતામાંગજરાજ ૪
ઝેર હતાંતેનાં અમૃતકીધાને, આલ્યા મીરાંને હાથ;

મેહેતાને મંડળીક મારવા આવ્યોત્યારે કેદારો લાવ્યા મધરાત,
ભકતોનાં તમે સંકટ ભાગ્યાંત્યારે દ્રઢઆવ્યોવીશ્વાસ,
તુળશીનાસ્વામીનેકહ્યુંકરજોડીપુરોઅંતકરણનીઆશ

૩૩

હરી ભજવાનુ ચોઘડીયુંરે તે ફરી ફરી કયાંમળશેરે;
ચોંપ કરીને ચેતી લેજો ભવના તારણ તરશોરે. ૧
મનુસ્યાદેહ તોમટી જશેને, પશુ પંખી અવતરશોરે.
વરણાગીમાં વાટ ઉઠશે, કેઈ ખાણે રડવડશોરે. ૨
દુખ લાગે તો વહેલું લાગો, ઉંઘે ઉંધું ચાલ્યુરે;
માને ઉદર શું બોલ્યો તો, શું બોલ્યો શું પાળ્યુંરે. ૩
જોબન જાશેને જરા આવશે. નેન નાસીકાગળશેરે;
સગાં સનેહી સુખનાં બેલી અંતે અળગાં રહેશેરે, ૪
હરી નામ તો હારી બેઠો વીખીયામા વીટાયોરે
આ અવસરનો રૂડો કરાગે, પાપ ન કરશો પ્રાણીરે
કલ્યાણ કહે તે કહ્યુંરે ન માને પથરા ઉપર પાણીરે ૫

૩૪

ગઉચારી ઘેર આવે,વાંલાજીમારો ગઉચારી ઘેરઆવે,
હાથમાંલાકડીયાંનેખભેકામળીયાંમીઠીસી મોરલીબજાવે
ગુંજાુફરહાર મનોહર મોર મુગટ શીર સોહીયે.
સ્વામીતણીસુંદરતાજોઇજોઇવરજવીનતામન મોહીયે.
કુમ કુમ કેરા છટા છેવરાવું મોતીડે ચોક પુરાવુ
નરસઇયાનાસ્વામીમંદીરપધારે,સેરીયેતેફુલડાંવેરાવું,

૩૫

ચાલોજઇયેદરશન કરવા, ઠાકોરમાં ઠાકોર બીરાજેછે.
દીનોનાથદયાળ દામોદર દરસનથી દુખભાગેછે. ટેક.
પહેલુંદુખબ્રહ્માનુ ભાગ્યું શંખા સુરને મારીને;
સંખ નારાયણ બેટમાં બેઠાવેદ લાવ્યા ચાર વાળીને;
કચ્છ રૂપે સાગર મથિયો ચૌદ રત્ન બહાર કાઢીને;
અમૃત તો અમરોને પાયુ વિખ પાયુ વિષ ધારીને;
વરાહ રૂપે પૃથ્વિ લાવ્યા આદ્ય નિરંજન આજે છે
દીનોનાથ દયાળ દામોદર દરશનથી દુઃ ખભાગેછે.૧

પ્રલ્હાદની પ્રતિપાળ પાળવા, નરસિંહ રૂપ ધર્યું;
હિરણ્યાકશ્યપુ નખેવધેર્યો વિધિનું વાક્ય સફળ કર્યું
વામન રૂપે બળિને ચાંપ્યો ઇંદ્રરાયનું રાજ કરયું
છબિલોછડીદાર થૈઉભા બળિ રાજાનું ભાગ્યભર્યું
ફરશી હથી નક્ષત્રી કીધિ, જ કુકણુ બિરાજે છે;
દીનોનાથ દયાય દામોદર દરશનથીદુઃખ ભાગે છે ૨
અનેક દુઃખ દેવતાના ભાગ્યાં રાજા રાવણુ મારિને;
વિભીષણને લંકા આપી પથરા પાળજ તારિને;
કૃષ્ણ સ્વરૂપે કંસને માર્યો, ગોકુળમાં ગૌ ચારીને;
મોરલીમાં મહા મોહ પમાડયાં ત્રણલોક નારનારીને;
બુદ્ધ રૂપે જગન્નાથજી જગમગ જોત બિરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર દરશનથી દુઃખભાગે છે;૩
અકળકળાનવખંડમાંવ્યાપી ઘટઘટમાં તગોરમીરહ્યા
ડાકોરમાં ઠાકોર બિરાજયા બોડાણાપર કરી દયા
ગંગાબાઇના ગુણ વધાર્યા સવા વાલથી ઓછા થયા
ભક્તિ જાણી સારંગપાણી ગુગળી પાછા ઘેર ગયા;
માખણિયો આરો છે સારો લીંબડો મીઠો લાગે છે;
દીનોનાથદયાળ દામોદર દરશનથી દુઃખ ભાગે છે ૪

ઊંચુ દેવળ શીખર ઉપર ધોળી ધજા ફર ફરે;
જે દરવાજે નોબત વાજે રત્નાગાર ત્યાંગડગડે
ગોમતી તીરે સંગમ નિરે સંઘ આવી ત્યાં પડાવ પડે
આઠે હડાડે શુકરવારે, વાલમનો વરઘોડો ચડે,
રણછોડ રસિયો સૌમાં વસીયો સૌને માથે ગાજે છે;
દીનોનાથ દયાળ દામોદર દરશનથી દુઃખ ભાગે છે;
ઉત્તર દક્ષિણ પુરવ પશ્ચિમના લોક દરશને આવે છે;
મોટા મોટા સંઘવી થઇને સંઘ ડાકોરમાં લાવે છે
નઇણે નરખું હઇડે હરખું રૂપ ઉપર જાઉં બલિહારી
શંખ ચક્રને પદ્મ બિરાજે ગદા ધરી છે ગિરધારી
શાકર માખણતુળશીની માળારાય રણછોડનેચડાવે છે
દીનોનાથ દયાળ દમોદર દરશનથી દુઃખ ભાગે છે ૬

૩૬

માતા જસોદા ઝુલાવે પુત્ર પારણે,
ઝુલે લાડકડા પુરૂષોતમ આનંદ ભેર.
હરખી નરખીને ગોપીજન જાએ વારણે;
અતી આનંદ શ્રીનંદજીને ઘેર. માતા ૧

હરીનાં મુખડાં વારૂ કોટીક ચંદ્રમાં,
પંકજ લોચન સુંદર વીસાળ કપોળ,
દીપક જયોતી દીપે સુંદર નાશીકા;
કોમળ અધર અરૂણ છે રૂડા રાતા ચોળ, માતા ૨
મેઘ સ્યામ કાંતી ભ્રકુટી છે વાંકડી;
ખીટળીયાળા ભાર ઉપર ઝુમે કેશ
હસતાં દંતુડી દીસે બેહુ હીરા કણી,
જોતાં વાજે કોટીક મદન મોહન વેશ, માતા ૩
સીંહ નખ જડેલુ સુવર્ણ શોભે સાંકળું,
નાજુક આભ્રણ સઘળાં કંચન મોતીહાર,
ચર્ણ અંગુઠો ધાવે હરજી બે હાથ ગ્રહી
કોઇ બોલાવે તો કરે કીલા કીલાકાર. માતા ૪
લાલ લલાટે કીધો કુમ કુમ કેરો ચાંદલો.
શોભે જડીત્ર જાણે મરકત મણીની, મા,
જનની જુગતે આજે અણીયાળી બેઉ આંખડી
સુંદર કારજળ કેરૂ ટપકુ કીધુ ગાલ, માતા ૫
સરવે સોનાનુ જડીત્ર મણીમય પારણું,
ઝુલાવે રૂમઝુમ વાજે ઘુઘરીનો ઘમકાર,
માતા વિધવિધ વચને હરિગુણ ગાયે હાલડાં

ખેંચે ફુમતીચાળી રેશમદોરીસાર ૬
હંસ કારંડને કોકીલ પોપટ પારણે
બપૈયા ચકોરને કાંઈ સારસ મેના મોર,
રકમડાં મુકયાં રમવાને મોહનલાલને,
ધમધમ ઘુઘરડા વજાડે નંદકીશોર. ૭
મારા કહાનાની સમાણી કન્યા લાવશું,
મારા લાલને પરણાવીશ મોટે ઘેર,
મારો જાયો વરરાજા થઈ ઘોડે બેસસે,
મારો કહાનો કરશે સહાય લીલાહેર. ૮
મારો લાડકવાયો સંખામાં રમવા જશે.
સારી સુખડી હું આપીશ હરીને હાથ;
જમવા વેળા રૂમઝુમ કરતો ઘેર આવશે.
હું તો ધાઈને ભેટાડીશ રૂદયા સાથ. ૯
જેને શેષ શંકર સરખા પાર પામે નહિ,
નેતી નેતી કહે છે નીગમ વારોવાર,
તેને નંદરાણી હુલરાવિ ગાયે હાલરં;
નથી એના એના ભાગ્ય તણો કંઈ પાર. ૧૦
વ્રજવાસી સઉ સરવેથી સુભાગી ઘણાં,
તેથી નંદ જસોદા કેરૂ ભાગ્ય વિશેષ.

તે સરવેથી ગોપી જનનું ભાગ્ય અતી ઘણું,
જેની કરે પરીક્ષા બ્રહ્મા શીવને શેષ. ૧૧
ધન્ય ધન્ય વૃજવાસી ગોપીજનનંદ જસોમતી
ધન્ય ધન્ય વ્રંદાવન જયાં હરીકેરો છે વાસ,
સદા જુગલ કીશોરે ત્યાં લીલાકરી,
સદા બલીહારી જાય છે દયારામ દાસ. ૧૨

૩૭

ચીત તું શીદ ચીંતા ધરે, કૃષ્ણને કરવું હોય તેકરે,
સ્થાવર જંગઠ જડ ચેતનમાં માયાનું બળ ભરે,
સ્મરણ કર શ્રી કૃષ્ણનું જન્મ મરણ જાય હરે, ૧
નવમાસ પ્રાણી શ્રી કૃષ્ણનું, ધ્યાન ગર્ભમાં ધરે,
માયાનું આવરણ કરયું ત્યારે લખ ચોરાશી ફરે, ૨
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે,
ધણીનો ધાર્યો મનસુબો, હર બ્રહ્માથી નવ ફરે,
દોરી સર્વની એના હાથમાં ભરાવ્યુ ડગલુ ભરે,
જેવા મંત્ર વજાદે જંત્રી તેવો સ્વર નીસરે, ૪
થનાર વસ્તુ થયા કરે જયમ શ્રીફળ પાણી ભરે,
જનાર વસ્તુ એણી પેરે જાશે; જયમ ગજ કોઠુ ગળેપ

૩૫

જેનું જેટલું જે જયમ કાળે તે તેને કર ઠરે,
એમાં ફેર પડે નહી કોદથી શીદ ફુટાઇ મરે. ૬
તારૂ ધારચુ થાતું હોય તો, સુખ સંચે દુઃખ હરે,
આપણનું અજ્ઞાનપણું એ મુળ વીચારે ખરે, ૭
થવાનું અણચીતવ્યું થાશે, ઉપનીષદ ઓચરે,
રાખ્ય ભરોંસો રાધા વરનો દયા શીદને ઠરે, ૮

૩૮

હરી તને પ્રસન તે કેમ થાય તારા મનનું કપટ ન જાય
તાહારા દીલનો છળ ન જાય, પ્રભુ તુને પ્રસન્ન તે કેમથાય
હરી કીરતન હરીનામસ્મરણમાં અતીશે આળસતારેરે
કાચાકુટ લવ પરનીંદામાં આખો દીવસ હારે, ૧
પ્રભુનું પુજન કરતી વેળા કાયા તારી કંપે,
ગંજીફા સોગટાં કુટતાં, આઠે પહોર ન જંપે, ૨
પ્રભુનું ચંદન ઘસતાં તારૂ શ્રમથી શરીર બગડે;
ફુટી કુતરૂ મરી મશાલે, ભાવે ભાંગજ રગડે, ૩
એકાદશ ઓચ્છવનું જાગ્રણ અતીઅઘરૂ શીને લાગે
ભાંડ ભવાયા જોવા સારૂ અખંડ આંખે જાગે ૪

એ પૈસાની ગુરૂ શેવા બતાવે ત્યાં ગણુગણુતુ તું બોલે
ઘર સ્ત્રી જો માગે ઘરેણુ તો હરખી મગન થઇ ડોલે ૫
ખોટા મોતી કાચ કીડીયા ભગવત ભુષણ ઘાલે,
શોનું રૂપું મણિ મુકતાવિણ, સ્ત્રી સુતને નવ ચાલે ૬
હરીના ભકતને લુખુ સુકુ વેઠ વળગી હોટ જાણે
સગાં સંબંધિ પ્રોહોણા આવે, તો મીષ્ટાંન પીરસે પરાણે ૭
જગ દેખે તાંહા જગને બેસે, બાકી નાય ન ખાય,
ગળાં કાપે ત્યાં થાય ગળગળો; એ વૈષ્ણવના વાહાલા ૮
આ કરવું જા ના કરવું, એમ સહુને શીક્ષા દેવ;
તેમાંનું કાંઇતું નથી કરતો અનુચીત કર્મ કરે છે, ૯
અંતરનો છળ અંન્ય ન લહે પણ જાણે અંતરજામી
એતો સાચાનો સંગી છે, દાસ દયાનો સ્વામી.

૩૯

લાંબી સોડે સુતોરે સુખની તેં સજ્યા કરી;
કદીએ નવ બોલ્યોરે મુખથી તું હરીહરી ટેક૦
આછેરે તારૂંને આછેરે મારૂં તેમાં બંધાણું તારૂં ચીત
અલબેલીનો સંગ ન મુકયો તે વિના તું આંધળો ભીત

ઠરીને ઠેકાણેરે બેઠો નહિ એક ઘડી લાંબી સોડે૦ ૧
શીર ઉપર તો કાળ ભમે છે જેમ તેતરબાજ
કહીયે ખરા પણ કહયુ ન માને કહે મુમતાને કાજ
જેજેમતેતેમજરેમુકીને તારે જાવુંમરીલાંબી સોડે૦ ૧
ઊંચી મેડીને બાગ બગીચા નવી નવી ભાતના રંગ
તે ઘેર બેઠાં કાગ કકળશે કોઇ નહી આવે તેરી સંગ
તુળશી તો કહેછેરે લખ ચોરાશી ફરો લાંબી સોડે ૩

૪૦

ગોવીંદગુણગાઇલ્યોમનઘેલાતમેથાઓનેવેહેલા ૧૦
હરીગુણ ગાઓને પ્રથમ પહેલા ગોવીંદ ગુણ૦ ૧
કાયા પાણીનો પરપોટો અંતે એ ભરૂશો ખોટો
જુગમાં હરી જશ છે મોટો રે ગોવીંદ ગુણ૦ ૨
મન તું મારૂ મારૂ કરતો સગા સંબંધી સાથે લડતો;
તું તો હીંડે છે રંગ રડવડતારે ગોવીંદ ગુણ૦ ૩
જીવ તારી માત પીતાનેભ્રાત કોઇનહીઆવેતારીસાથ
તારે જાવું એકલડા વાટરે ગોવીંદ ગુણ૦ ૪
જીવ તારે અવર તણી છે આશ વેશ ઘણોનેથોડીરાત

ક્ષણમાં થઇ જાશે પરભાતરે ગોવીંદ ગુણ૦ ૫
એવી વઈશ્નવ જનની રીતકરી લેશામળીઆશું પ્રીત
ભક્તમોહન કહે હરી ભજીનેતરે. ગોવીંદ ગુણ૦ ૬

૪૧

માતા જસોદા બોલાવે જમવા લાલને.
ચાલો લાડકડા લાગુ અલબેલા પાય.
રંગ રસીયા આવે રસીયો તે નહી,
પુંઠે દોડુ ત્યારે નટવર નાસી જાય ૧
હે કાના શીદને સંતાપો મંદીર કામ છે,
વાટ જોતી બેસી રહી વલવલતે મન,
શીખામણ આલુ તે શે નથી લાગતી,
સામળા શા માટે તમે ભરો નેત્રમાં નીર,
ત્હારા ઢંગરે ધુતારા કોઈ જાણશે,
તારે પરણ્યાની શી થાશે હરજી પેર,
તને કન્યા કોણ દેશે, વાંકે વાંકેડે,
ડાહાપણ મેલી રાડ તજી ચાલો ઘેર. ૩
હાવાં જો મારૂ તો મુજને સોગન છે,

તમે જીત્યા હું હારી જગદીશ,
હવે શું કરૂ લાયકવાયા નંદજી તાતને,
બાકી સાંખુ છુ મુને બહુ ચઢે છે રીસ. ૪
જયમત્યમ સમજાવીને લેઇચાલ્યાસુંદર સ્યામને
પ્રેમે આરોગાડ્યા પકવાનનોપરસાદ.
દાસ દયાના હરીયે દયા કરિ,
મોટા મુનીવર ધરે નીરંજન ધ્યાન,

૪૨

હઇયાના ફુટયા હરિ સઙે હેત ન કીધુ
લખ ચોરાશી કેરૂ લુગડું માથે માગી લીધુંરે હઇ ૧
પેટને અર્થે પાપ કરતાં પાછું ફરી નવ જોયું
ચાર દિવસના જીવતર સારૂં મન માયામાં મોહ્યુંરે ૨
જન્મ મરણદુઃખ ગર્ભવાસનુંતે નવ શકીયો ટાળીરે
માત પિતા જુવતી સંગે વિસારયા વનમાળીરે ૩
આળસ અજ્ઞાન અતીશે કામ બગાડ્યું તારૂંરે
દેવાનંદ કહે દેખ વિચારી માન કહ્યું તુ મારૂંરે

૪૩

આળસ તજને અભાગીઆ, ગોવીંદ ગુણ ગાતાં
રામે આપ્યા છે રાડલા, રૂડા લાગે ખાતાં આળસ ૨
સારૂ સારૂ કહી શાકને ભજ્ઞા સભડકા ભરીયા,
છઠીલાહઇડેટામ દેઉ તને હરીકેમવીસરિયા આળળ ?
અન્ન વસ્ત્રની આશથી ધાયો ફરે છે અંત્યા,
લખરે ચોરાશીમાંભટકવું તેની છેકાંઇચિંત્યાઆળસ૩
કૃષ્ન ભજન વિના કુતરિ થઇ લખવખ કરશો
ટુકડો કોઇ નાંખે નહીમારખાઇખાઇમરશોઆળસ ?
મોઠો દેહ મંજારનો કેઇ પેરેરે ધરશો;
છેડછેડ કહી સઉ હાંકશેમિયાંઉ કરીમરશોઆળસ ૫
છુટશો ઘેર ગોલા તણે ગરધવ નાંખી;
જે જેમ તે તેમ તાણુસેધણીનીબીક રાખી આળસ ૬
આજ સેવા કર સંતની હરી હૈડામાં આણી
નહિ તો પાડા થઇ પંથમાં ભરશો પાણી આળસ ૭
માટે હરી નાચી રીઝયો કર્મ કુડાંરે છુટો;
ઘોડારે થઇને ઘાસમાં પગ શાને રે કુટો આળસ ૮
કીર્તન કરો શ્રી કૃષ્નનુ મુકી બીજી રે વાણી
બકબક થઇને બોકડા ખાશો ખરસાડી આળસ ૯

ગરજીને ગાઓ ગોવિંદને વણુ કાઢીને ચાંટા
તો ઉંટ નહી અવતરો; ખાવાનેરે ચાંટા આળસ ૧૦
માનીતી માનવ દેહ વિશે હરીના મારગ ચાલો;
હસ્તિ થઇને મસ્તીઓમાથે નહી ધુળવાલોઆળસ૧૧
કૃષ્ણ વિસર્યા તે કોડશુ બહુ અવતાર ધરશો
વાંદર થઇ વરણાગીયા કાળે મુખેરે ફરશોઆળસ૧૨
હરિગુણ ગાતાં તુજને ટાઢ વાય સરીરે;
બગલા થઇ કેમ બેસસોતમે જળના તીરેઆળસ૧૩
ગુણલા ગાઓ ગોવિદના શું લાગો છો લોભે
ઘુડ થઇને ઘુવશો તમે ઘરનેરે મોભે આળસ ૧૪
કૃષ્ણ કથારસ અનુભવો કાને છો તમે શરૂવા
કોળ નોળ વણીયર તણા દેહછુટોને વરૂવાઆળસ ૧૫
પામી ઉત્તમ દેહને હરિ ચિત્તવા પણ મુકો;
નિત્યે ઘર ઘર માગશો તમો લુખો ને સુકોઆળસ૧૫
રીંછ રોઝને વાઘની છે નરતીરે કાયા;
તે છુટવા છબીલો ભજો ગમે મુકીને માયાઆળસ૧૭
ચેતિ શકો તો શેઠજી શું કહીએરે ઝાઝુ
હરિવિના જીવનું દુખડુ કહેતા હુ લાજુ આળસ ૧૮
માનવ દેહ મોંઘો જડયો કાંઇ સાધન સજીયે,

રામ કૃષ્ણુ સરવે તજી ભગવાનને ભજીએ આળસ ૧૯

૪૪

દીવેલતો ખુટયું રે કુશકા ખાંડતાં રે,
પ્રાણીયા તેં કીધું એવું રે કામ
આદર કરતાં રે આયુષ્ય વહી ગયુ રે
સુખમાં તો સમર્યા નહિ શ્રીરામ દીવેલતો ૧
મનુષ્ય જનમરે મહા મણિ જડયો,
ભજવાને સત્ય શ્રી સારગપાણુ.
વહોરતને વહોરીરે કાચ કથીરનીરે,
કહાવે વળી સઉમાં ચતુર સુજાણુ દીવેલતાં ૨
જયાં લગી વહેતોરે ગાતર ગાંઠડી રે.
ત્યાલગી સહુકો કરતુ હેત;
દોહલી વેળા નારે સંગી એકરાંમ છે રે
ચીતરમાં ચેતી શકાય તો ચેત દીવેલતો ૩
ઉચીને કોટરે ભાઈ શું દોડતોરે,
આગળતો આવે છે મહા આણું
રામકૃષ્ણુ પ્રભુરે સાચા સેવજોરે
તે પ્રભુ રાખશે તુજને સર્ણ દીવેલ ૪

૪૫

સામન સાંભળરે, સંગી તારા ચાલીયારે,
જે વળી આવતા તારે સાથ;
ઇંદ્રીયો સઘળીરે શીથળ વિથળ થઇરે,
લાકડી તો ઝાલી છે વળી હાથ. ૧

ઉદરને કાજેરે પરને આંગણેરે,
ઉભો વળી સાંજ ને પરભાત,
ધંધો ને કરતાંરે ધોળાં આવીયાંરે,
નવ લહી કાળ કેરી જે વાત
આ ભવમાં આવીરે ભલપણુ શું કરયુરે,
ભારે મારી જનેતા નવ માસ.
રામ નામ લેતાંરે રસના આળસીરે;
કીધી તેતો વીષીયા કેરી આશ. ૩
બુદ્ધિ બળ સાથેરે બંધનમાં પડયોરે,
જઇ ભીડી બાવળીયાસુ બાથ.
રામ કૃષ્ણ પ્રભુરે સાચા સેવજોરે,
વાલો મારો નર નવારણનાથ. ૩

૪૬

હરિ ભજન વિના, દુખદરિયા સંસારનો પારન આવે;
જડબુદ્ધિ જીવ સંતવિના સુધમારગ કોણ બતાવે. ટેક
તેં અનેકવાર અવતાર ધર્યા, બહુ કર્મતણા કોઠારભર્યા;
અઘ ઓઘ તણા અંબાર કર્યા. હરિ. ૧
ફર્યો ચાર ખાણ લખચોરાશી, થયો જળચર
સ્થળચર ગર્ભવાશી;
માયા બંધનથી ન શકયો નાશી. ૨
તું ઝાડપાડ જડરૂપ થયો, તેં શીતવરષા બહુતાપસહ્યા;
તારાં કષ્ટ કેણે નવ જાય કહ્યાં. ૩
કહે પ્રીતમ ચેતી લ્યો પ્રાણી, દુઃખ જન્મ મરણ
એવું જાણી;
તું શું બેઠો આળસ આણી. ૪

૪૭

હરિ ભજન થકી, છોટા હોય તે સૌથી મોટા થાય;
તન તાપ ટળે, જન્મ મરણનાં સંકટ સરવેજાય. ટેક.
જુઓ એકલસંગી હરણીના, એવા વ્યાસમુની
વણ પરણીના;

કહો સુત પુરાણી કુળ પરણીના. હરિ. ૧
જુઓ શુકજીકેરૂં મુળ શોધી, જાતેપક્ષી સુરીએ લોધી
થયા આપે ઇશ્વર અકરોધી. હરિ. ૨
જુઓ પાંડવની મેડકી માતા, એવા વશિષ્ટ વિસ્વે
વિખ્યાતા;
એવા ચતુર નર પંકજ જાતા. હરિ. ૩
જુઓ વાલ્મિકજીની વાતખરી, જેણે દુભંજશાળામાં
દેહ ધરી;
જેણે સો કોટી રામાયણ કરી. હરિ. ૪
જુઓ દાસી સુતશું હીણપણું, એનું પુન્ય પવિત્ર
ચરિત્ર ઘણું;
થયા નારદ મન ગોવિંદ તણું. હરિ. ૫
જેમ મધ્યમ જળ ગંગામાં ભળે, તેતો ગંગા સરખું
થઇને ફળે;
જેમ પારસ પરશે લોહ ટળે. હરિ. ૬
જાત ભાતતોનવ જાણી, હરિભજે એ હરિસરખો પ્રાણી;
કહે પ્રીતમ ઓળખો એ ધણી. હરિ. ૭

૪૮

દેહ મનુષ્ય ધરી, હરિ ના જાણ્યા તેણે સરવસ ખોયું;
મારા વાલાજી, મહાંમણિમુકી પથ્થર ચીત પોયું.ટેક.
જેણે અમ્રત ઢોળીને વીખ પીધું, તેણે કુડું કરમ હાથે કીધું;
તેણે મિથ્થા માત દુખ દીધું   દેહ મનુષ્ય ધરી. ૧
જેણે જાળવીયો જઠરા માંહી,તેને સંભારે સુપને નાહી;
લંપટને લાજ લગાર નહીં.   દેહ. ૨
જેણેજગતપતિનેનવ જોયો,તજીકલ્પવૃક્ષબાવળ બોયો;
જેણે ઉત્તમ જન્મ એળે ખોયો.   ૩
જેને કૃતઘ્ની સરખો કહાયે,તેની સંગેતે સરખા થઇયે;
કહે પ્રીતમ તેથી દુર રહીયે.   દેહ. ૪

૪૯

હરીભજન થકી,છોટા હોયતે મોટા સઉથીથાય.રાગ.
મન માને નહીં, સો ફેરા સમજાવું તોયે શું થાય;
મન કઠણકઠોર ચંચળચિત્ત ચપળચિત્તચોદશજાય. ટેક
મન ભુતતણી પેઠે ભમતું,મન માયામાં રહેછે રમતું;

તુને હરિ ભજવાનું નથી ગમતું. મન૦ ૧
જમકિંકરનો ભય જાણે, તો મિથ્યા સુખશિદ માણે;
ગયો અવસર ઉરમાં નવ આણે. મન૦ ૨
મળ્યો મનુષ દેહ તેમાં નહીં મણા, તું તો ગાને ગુણ ગોવિંદ તણા;
અઘ ઓઘ તણા અંબાર ભરયા. મન૦ ૩
મગદળના માથે માર પડે, તોયે ફરીફરી તે દવાર અડે;
ફળ દેખી મરકટ ઝાડ ચહડે. મન૦ ૪
કહે પ્રીતમ ચેતીલેપ્રાણી, શું સુતો સોડય ચણીતાણી;
તારે માથે મરણનો ભય જાણી મન

પાણીનો ખેલ બનાવ્યોરે, એનીતો કહીયે અકકલચણી
સહુથી રમનારોરે, શોભા તો એના નામ તણી ટેક
એ પાણીથી થયાં નરનારીને એ પાણીથી બ્રહ્માંડ,
પાણીનું બન્યુ મોતીરે, પાણીની બની હીરાકણી ૧
પાણીની અમુલ્ય કાય બનાવી, હાડ ચામ લોહી માંસ
પાણીનાંરે પશુપંખી બનાવ્યાં પહાડ પથરને ઘાસ

પાણીના હાથી ઘોડારે, પાણીનિ શાલ પામરી બનીર
પાણીનારે પચરંગ બનાવ્યા અઢાર ભાતનાંરે અન્ન
હુથી ન્યારોમારો શાઇ બીરાજે તેને દેખીને થયોછુ દંગ
સંગ કીધો તેનોરે; સતા તો આ માની ગણી. ૩
અક્ષરાતી અક્ષર બહુ નીપાવ્યા નેઅક્ષરથી નરનાર
ઓંકારથી ત્રણ ગુણ નીપજાવ્યા,એઅઠાવીસ નીરધા ર
ઓગણેત્રીશમામહા વીષ્ણુરે,ત્રીશમાં બાપુ ગાયભણી૪

૫૧

નામ જેણે જાણ્યુરે તે તો વેદ ચારે વેદ ભણ્યો
ભેદ જેણે જાણ્યોરે તેતો ખરો તરત બણ્યો. ટેક
ગળતરીશ આભ્રણ અંગે ધરી નારી,
નાક વીનાનો શો શણગાર,
કવીએ જો આપનું આપ ન જાણ્યું,
તે કેમ કરી ઉતરે પાર,
સાર ક્યાં મળશેરે ભણ્યો ખરો પણ ન ગણ્યો ૧
વાંઝણી નારીને સુપનું આવ્યું છે,
પુત્ર નથીરે એની પાસ;

એમ ભજન દેખા દેખી કરે છે,
તેનિ કેમ પુરી થશે આશ.
કેને બાપ કહેશેરે વેશ્યાએ જે પુત્ર જણશેરે, ૨
નામ ગુણનેરૂપને નાશ, વળી ચોથુ પદ અવીનાશ,
એચોથા પદનો જેભેદ જાણે તેને કહીએ હરિતણો દાસ
ના કરી કર્મનોરે સંશે એક પળમાં હણ્યો ૩
ગરીબી રાખી તમે ગુરૂને સાહો કરો શબ્દનો તોલ
આપણ થકી જો અદકો મળેતો તેનો ધારણ કરજોબોલ
ગુરૂને સંગ બાપુરે અનામીં નામ પોતાનો બન્યો. ૪

૫૨

ટીટોડી કહે તજિયે રે ભુમી ઉપર ભાર થશે
અઢાર અક્ષોહણી રે દળ અટવાઇ જશે ટેક
ભુતિજી જઇ વ્યોમે વસિયે પણ ભવિષ્યે ન ભુલે
કૃષ્ણે કરયું તે કોઇથી ન મટે શું ડહાપણમાં ડુલે
હજુર હુકમથી રે હોનારૂં તે સેજે હશે ટીટોડી
રામ પ્રગટીને રાવણ રોળ્યો ને પાણીમાં બાંધી પાળ
સોનાની લંકાક્ષણમાંલુટાવીનેવિભિષણકર્યોરે ભુપાળ

વીશે ભુજ વાઢયા રે છેદયાં મસ્તક દશે ટીટાડી ૨
પ્રલ્હાદજીની પ્રતિજ્ઞા પાળી હિરણ્યાકસ્યપુ હણ્યો
નરસિંહ રૂપ ધર્યું મારે નાથે બ્રહ્માના વરને ગણ્યો
હરિથી સર્વે હેઠું રે ઉગરે નહી ઉપાયકરોટીટાડી ૩
ગજઘટ નાંખીનેઇંડાં ઉગાર્યાંપક્ષીની કીધી પ્રતિપાળ
ભાળ મને લાધિ રે હરિ હરીજનમાં વસે ટીટાડી ૪

૫૬

કપોતનિ કહે છે રે કંથ મા'રૂ કહ્યું કરો,
સીંચાણીનો ભે છે રે પરધીએ બાણુ ધર્યાં ટેક
અહીંથી ઉડી જઇ અળગાંરહિયેઆદેશાતજી પરદેશ
મરમવચન પીયુમારાંરે માનોલાજનહીઆવેલવલેશ;
પ્રમાદને મેલો રે રાંક થેણુ દુધે વરો કપોતની ૧
કપોત કંથ કહે કાયર કામની હોનાર છે તે હોશે
શત્રુનુ સાલ તે શેજમાં ટળશે કરયુ કર્તાનુ થશે
હરદે હરિ રાખો રે મુખે કૃષ્ણ કૃષ્ણઉચરો કપોતના
અહિ ડસ્યો પારધીને પાયે ડગ્યો બાણુ તે વાર
સીચાણાનું છેદીયું શિર કૃષ્ણ કરાણી કરતાર;

૫૧

ભાવે ગુણ ભાખોરે ભવજળ તારો તારો કપોતની ૩
તન તરૂવર પ્રાણ પંખીડો પ્રવૃત્તિ નિવૃત્ત બે નાર
અહંકાર આહને જરાપારધિકરોધસીંચાણો નિરધાર
મુકુંદ મનમાથી રે પ્રભુ નવ રાખો પરો કપોતની ૪

૫૪

માથે કોપી રહયો છે કાળરે ઉંઘ તને કેમ આવે
પાણી પહેલી બાંધી લેને પાળરે ઉંઘ તને કેમઆવે ૧
નથી એકે ઘડીનો નીરધારરે ઉંઘ તને કેમ આવે
આતો સુપના જેવો સંસારરે ઉંઘ તને કેમ આવે ૨
અલ્યા એળે ખોયો અવતારરે ઉંઘ તને કેમ આવે
તારા માથે ભમે છે જમનો મારરેઉંઘ તનેકેમઆવે ૩
તારા મનનું ધારયું થશે ધુળરે ઉંઘ તને કેમ આવે
ચાર તોલાં છેમણમાં ભુલરે ઉંઘ તને કેમ આવે ૪
ફરી આવ્યો છે ગર્ભમાં કોલરે ઉંઘ તને કેમ આવે
થોલા આવેલું થાય છેકથોલરે ઉંઘ તને કેમ આવે ૫
જોતાં જોતા આયુષ ખુટિ જાયરે ઉંઘ તને કેમ આવે
તારા ડાપણમાં લાગી લાયરે ઉંઘ તને કેમ આવે ૬

કાંઠે આવેલું બુડસે ઝાઝરે ઉંઘ તને કેમ આવે
તારે કાજે કહુ છે રૂષિરાજરે ઉંઘ તને કેમ આવે ૭

૫૫

આભડશેટમાં બુડયું બધુ અંગ. સારૂ થાય શી રીતે,
નથી નાહાતો ગોદાવરી કે સંગરે. ૧
દેવ મંદીરમાં નથી કરયા દીપરે.
નથી કરતો તુ ટેલયાની ટીપરે. ૨
નથી ચપટી કરાવ્યાનો ચાલરે
ખાવા તાકે મફતના માલરે ૩
દેવ દરશનનું નિત્ય નથી નેમરે
આખી પૃથવીનાં હારી લીધાં વેમરે. ૪
નથી વાપરતો દેવની દસુ ધરે.
નથી વાવરતો વીપ્રની વીસુધરે, ૫
નથી દીધાં તીરથમાં દાનરે.
નથી આપ્યાં અતીથી ને માનરે. ૬
નથી કરતો તું ખળાની ખેરાતરે,
રૂષિરાજની ન રાખી રૂદે વાતરે ૭

૫૬

જીવલડા આજ કે કાલે જાવું
ઉડી જાશે રાખ થઇ તન અહાવું જીવલડા ટેક૦
પડયાં જાળે પંખી તેતો પકડાશે
કમળ ખીલ્યાં તેતો ખચીત કરમાશે
જનમીયા તેતો જરૂર મરી જાસે ૧
ગયાજોને ગાદીપતિ ખાઇ ગોથાં
પડયાં મુકી ચાલ્યાં પંડિત પોથાં
થયાં પછે થોડે થોડે સડી થોથાં ૨
ખંમાખમા કહેવાતાં પડતાં આખડતાં
ચતુરંગી જેની પુઠે દળ ચઢતાં
જુઓ એના નામ હવે નથી જડતાં ૩
ગુણીજન જેની આગળ નીત ગાતા
વળી દેશમાં વખાણાતા
તે તો ગયાં કાળના પુરે તણાતાં ૪
નવાનવા પોશાક પહેરી નીકળતા
મહોટા મોહોટા મહિપાતને જઇ મળતા
બહુ એહેવા મળ્યા મશાણમાં બળતા ૫

ફુલાં કાને લટકાવી ફાંકડા ફરતા
ધમ ધમ કરતાં ધરતી ઉપર પગ ધરતા
દીઠા એતો નજરે ઠાઠડીયોમાં ઠરતા. ૬
જેને ઘેર ગડગડ ત્રંબાળુ ગાજે,
વળી વાજા છત્રીસ વેગમાં વાજે,
રાજા એવા જલતા જોયા રૂષીરાજે. ૭

૫૭

રે મનડા માન્ય સાચું છે મરણું,
ખીલ્યાં પાંહડાં એને નહી મટે ખરણું,
પડતા ચહેમાં કઇંક કો વરસ પચીસે,
વળી કેટલાકતો વહી ગયા વીશે;
ત્રીયા મેલી ટળવળતી કોઇયે ત્રીશેરે,
ખુટે કાળે કઇક અગાશીથી ખશીયા,
રહયા ખપી પરદેશમાં કંઇક રસીયા,
દિઠા કંઇક દેહોત વીષધર ડસિયારે ૨.
બાળાવયમાં શોધી લીધાં કંઇક બળીયે
ફરયાં જાણે વાંહર ચોળાનિ ફળિયે

કાઢી નાખ્યા કઈકના વંશ કોગળીએ ૩
ભળી ગયા ભોમી વિશે કંઇક ભોગી
ઉડી ગયા કંઇક તારી આગે ઉઘોગી
જતા રહ્યા જાણ દિંગબર જોગીરે ૪
નીચુ કરી કાંધ ન કોઇને નમતા
મહા અભીમાન અને અતિ મમતા
ભાળ્યા એના સમસાને કાગડા ભમતારે ૫
લખેશરી કરોડપતી કંઇક લોકો
હતો જેના હાથમાં હેમનો હોકો
પડી ગઇ એહેવાની ઓચંતી પોકારો ૬
સહી નોય સુપનાની દોલત સાચી
કાયા માયા એજ રીતે જાણો કાચી
રખે રૂષીરાજ કહે જાઓ રાચીરે ૭

શુદામાને બતાવેલી અકલ લીલા.

એકવખતવિઠુલવર ચાલ્યા ભાવભક્ત ઉપર લાવ્યા
બાળ સનેહી સદામાને મળવા માધવજી આવ્યા ૧
સુદામાપુરીમાં પ્રભુ પધાર્યા નરનારીને હેત વાધ્યું
પવિત્ર પતિન સુદામાની હરજીને આશન આપ્યું ૨
સુદામા કહેછે નારીને ચડાવ્ય ચુલે તપેલી
રીદ્ધ સીદ્ધને નવે નીદ્ધ તે આ હરીએમને આપેલી; ૩
મુષ્ટી તાંદુલ લઇ માધવે મને ઘણો ગ્રહસ્થ હર્યો
દળદર હતુ દાણા ન મળતા તે દુખનો દીવસ કર્યો ૪
રામા રસોઇ કરવા બેઠી શાક પાક સામગ્રી ઘણી
રોટલીની શેર કણેક બાંધિ તેમાંથી અદશેર વણી ૫
ત્યારે સુદામા કહે શામને શીદ ભુખ્યા બેશીરહિએ
રસોઇ તૈયાર થવા આવીનદીએ નાહાવાને જઇએ ૬
એટલે ઉઠયા શામ સુદામા એક એકના કર ઝાલ્યા
સ્વચ્છધોએલા વસ્ત્રજલીધાંવાતોકરતા બેઉચાલ્યા ૭
સુદામા કહે સુણો શામજી હું બ્રાહ્મણપર હેત લાવો
લોક વાત કરેછે માટે અકળ લીલા મુને બતાવો ૮

એ અકળ લીલા જોવાને મોહન હું મરૂ મથી
શામ કહે અકલ લીલા જોવામાં કાંઇ શાર નથી
સુદામા કહે મારે જોવી એમ કરતાં નદીએ આવ્યા
અકળ લીલાકુરજીવનજીદેખાડવાદીલભાવલાવ્યા૧૦
શામ કહે સુણો સુદામા મન તાણો મુમત મેલો
આ પારથી ડુબકિ મારોતે પેલેપારકોણજાયપેહેલે૧૧
એમ કહી મુમતે ચડીયા પડીયા નદીના નીરમાં
ત્રૈણ લોકોનો નાથજત્યાંથી જઇઉભોસામાતીરમાં૧૨
અકળ લીલા નથી ઓછી નઉત્તમ નટવર નાગરમાં
હરજીએ હડસેલી મેલ્યા સુદામાને સાગરમાં ૧૩
બે ઘટીકાએ બહાર નીકળ્યા પસ્તાવો મનમાં કરતાં
કયાં ગયું ઘરને કયાંછેવનશાંમઆંખેઆંસુડાભરતાં૧૪
ભારે જળજોઇ ભડકી ઉડયા ભજવા માંડયાદીનબંધુ
નદી મારી કયાંનાશીગઇકયાંથીઆવ્યોઆસીંધુ ૧૫
આજળથીનહીજાઉજીવતોકહીજુગદીશનું ધ્યાનધરી
દામોદરને દયા ઉપની સાગર વચ્ચે ગામ કર્યું
તેમાં મલેચ મનુષ્ય વસાવ્યાં અવળી રીતી તે ચાલે
બ્રાહ્મણ શુદ્ર સરવે સરખા એકએકને કન્યા આલે૧૭
તેવાં ગામમાં ગયા સુદામા નગરશેઠ સામા મળ્યા

બ્રાહ્મણ તમે ભલે પધાર્યા કહીને સાથે લેઇ વળ્યા ૧૮
વીપ્ર કહે સુદામાપુરી કહો શેઠ કેટલે હશે
શેઠ કહે સુદામાપુરી જાતાં વિશ વરસ થશે ૧૯
વીસ દિનથી વાહાણ ગયાંછે તે જઇને પાછાં આવશે
પછી તમને ઘેર પહોચાડે સાઠ વર્ષે જવું ફાવસે ૨૦
સુણી સુદામા સંતાપ કરતા કોને ઘેર જઇને રહીશું
પેટ પાપીપુણવાલાગસેકયાંજઇને અનાજખઇશું ૨૧
શેઠ કહે સંતાપ ન કરશો સૌ તમારૂં કષ્ટ કાપુ
ખાવા પીવા ઓઢવા પેહેરવા રેહેવાનેમંદીર આપુ૨૨
મારે પેટછે પવીત્ર પુત્રી તે દેઉ તમને કન્યા
સુદામાકહે લેઉ સુદ્રની થાય અતીઅધરમઅન્યા ૨૩
ત્યારે શેઠ કહે આ ગામમાં બ્રાહ્મણ શુદ્ર સહુ સરખા
સઘળે એહું અનમળવાનું ભુખેકયાંમારશોવળખાં૨૪
એટલે સુદામાં અકળાયા ગામ લોક ગરદન ઘાલે
સાઠે વરશે ઘેર જવાનું અન ઉદક વણ કેમચાલે૨૫
અન ખાઇશું ને વટલાઇશું પરણ્યામાં ચીત્ત પેઠુ છે
નાત રહી સુદામાપુરમાં ત્યાં જાણવા કોણ બેઠુછે ૨૬
એવું સમજી કન્યા પરણ્યા જુદુ ઘરબાર લઇ રહ્યા
પત્ની રાંધે પોતે જમે બન્ને ભેગા ભ્રષ્ટ થયા ૨૭

સુદામાએ સંસાર માંડયો નારીને પંચ પુત્ર થયા
પાડોસમાંએકઅબળામુઇતીતેસારૂ સમશાન ગયા૨૮
ઘણુંક માણુસ ગયુ મશાણે, મડદુ છોડીને જુએ;
જે નારી મુઇ તેનો નાથજી, આંખે આંસુથી રૂએ૨૯
કાષ્ટ લાવી ચીતા ખડકી ચીંત્યામાં બહુ જીવ પેઠો
નારીનુ મુસ્તક ખોળામાં લેઇને પીઉબળવાબેઠો ૩૦
સુદામા જોઇ વીસ્મય પામ્યા બળનારો મુરખ જેવો
સુંદરી સાથે પુરૂષ મરે આ અનરથ અત્રળો કેવો ૩?
તે સુણીને સહુ જન બોલ્યા સુદામા તું છે મતિયો
ગામ ચાલછે નારી પુઠે સ્વામી હોયતે થાય સતીયો૩૨
સુદામા કહે ચાલજ ખોટો તેને તમે માન્યો ખરો,
કોઇ પુરૂષ બળે નહી તેને કહો ભાઇ તમે શું કરો ૩૩
લોક કહે ન તોડીએ ધારો બાંધિને સાથે લઇએ
સારી રીતે બળે નહી તો પરાણે બાળા દઇએ ૩૪
સુદામા કહે અરે શામજી સરવે લુચ્ચા લોક નડશે
મારી પત્નીનો પંડપડે તો મારે પણુબળવું પડશે ૩૫
એવો એવો સંતાપ કરતા ભજતા શ્રી અંતરજામી
હરી લીલાથી સુદામાનિ પત્ની પણ મરણ પામી ૩૬
સુદામાએ શબ દીઠુને પોક મેલી રડવા બેઠા

જાણ્યુ જોડે મને બાળશે કોઠીયો વચ્ચે જઈ પેઠા ૩૭
નગ્ર તણા ત્યાં લોકો આવ્યા મડદુ ઉપાડયુ હાથે
સુદામાને શોધી કાઢયો બળવા સારૂ લયો સાથે ૩૮
સુણિ સુદામા થરથર ધ્રુજયા ખુણે રહી આંખ્યો ચોળે
લોક લાંઠીઆ લેઇ લાકડીઓ કોઠી કબાળા ખોળે ૩૯
ખુણામાથી ખોળી કહાડયા, ખેંચીને બારણે લાવ્યા
હાથ ઝાલી હઠવા ના દીધા તેડીને મશાણ આવ્યા ૪૦
ચીતા ખડકી સહુ લોક બોલ્યા બાકી નહિ રહે વિત્યામાં
પેહલેથી સુદામા સમજી બીરાજો આ ચીતામાં ૪૧
સુણિ સુદામા કરે સોસના અગનીના ભડકા થાશે
ફોલ્લા ઉઠશે પાણી છુટશે; દુખ પામીને જીવ જાશે ૪૨
અગનિ નખમાય ને જીવ જાય, બળ્યું બળવુ નારીસંગે
ત કરતાં પડુ દરીયામાં વેદના વ્યાપે નહીં અંગે ૪૩
એવુ મન વીચારી બોલ્યા, બળવાને તૈયાર થઉછુ
ઉભા રહો ભાઇ મેલો મને, એકવાર નાહાવાજાઉછુ ૪૪
એમ કહિને છેતરી ચાલ્યા, જળમાં જંપાપાત કીધો
સ્નેહી સુદામાને શામળાએ નદિમાં ખેંચી લીધો. ૪૫
સુદામાએ ડોકુ કાહાડયુ એટલે હસ્યા વનમાળી
પ્રભુ કહે તમે છો પાછળ. હુ આગળછુ લયો તાળી ૪૬

સુદામા કહે શેનિ તાળી ઘણાંક વરસ વહિ ગયાં;
સાચુ કહેજો સમઝે મારાકયારના અહીઉભારહ્યા ૪૭
કૃષ્ણ કહે કે હમણાં આવ્યા નારી રાંધિ રહિ હશે.
વીઠલ કહે વસ્ત્રજ પેહેરા રસોઇ શીતળ થઇ જશે ૪૮
સુદામા કહે શું બોલોછો રસોઈ શેની શીતળ થઇ
પ્રભુ મશ્કરી કરવાની તે ટેવ તમારી ગઇ નહી ૪૯
તે કરતાં તમારૂ બોલ્યું સત્ય હોય તો વાત કહુ
એ વારતા કોને નવ કહેશો. કહો તોહાંસી કરેસહુ ૫૦
માહારાજ તમ સાથે સરત કરી પાણીમાં હું પડયો
કીનારો કેમે આવ્યો નહી શાગર જળમાં નીકળીયો ૫૧
ત્યાં સોહામણુ નગ્ર નીરખ્યું બ્રષ્ટ છઈ સૌ પ્રાણી
ઉંચ નીચને ભેગુ ભોજન અનીતિદુઃખની આણીપર
ત્યાં હુ ગયો વિવા થયો શદ્રજનના ઘરમા પેહા
ખાનપાન સહુ શશરે પુરયુ તેની પુત્રી વરી બેઠા ૫૩
ચોખા રહેવા મન ધર્યું પણ અનઉદકવણ ટવળાયો
જે નીચ જાતી પરણ્યો તેનુ રાંધી જમી વટલાયો ૫૪
વટલીને ઘરસંસાર માંડયો પાંચ પુત્ર તેનેજ થયા
તે વાતને બહુ દીવસ વીત્યા તેવારના શુ ઉભા રહ્યા ૫૫
સુણિને સામળીઓ બોલ્યા ભાશણ તમારૂ ભાવ્યુ

શો સીંધુ શાં સુંદરી છેયાં શું તમને સ્વપ્નુ આવ્યુ ૫૬
જાગૃતછો નેલવરી માંડી ન બોલશો દુખસે ડાચુ
સુદામા કહે સોગન તમારાનહી સ્વપનુ એ છેસાચુ૫૭
શામ કહે સાચુ હોયે તો સંગ તમારો પર હરીયે.
બ્રાહ્મણ જાતી ભ્રષ્ટ થયા તેની તો સોબત કેમકરીયે૫૮
વીઠલ વદે કહુ વીશ્વમાં ચાડી કરવા ચોરે ચઢુ
સુદામા કહે વાત ન કરસો, પ્રભુ તમને પાયે પડુ ૫૯
તવ સામ કહે ચાલો સંચરીયે તમારી નારી પાસે
મ્હારૂ કે તમારૂ સાચુ સઘળુ તે ત્યાં જણાશે ૬૦
લવરી માંડી ભાંગ પીધેલી કહીને કૃષ્ણે કર ઝાલ્યા
ગાંડામાં ગણી કહાડીને સાથે લઇ મોહેલે ચાલ્યા ૬૧
ઘરમાં સ્નેહી સાથે પેઠયા અકલ લીલા બહુ પાકી,
રામાની રસોઇ જોઇતો નજ્ઞટાંકની રોટલી બાકી ૬૨
તેવુ જોઇને ઝાંખા થયા સુદામા પડીયા વીલા
શામ કહે તમે સંશાર માંડયો તે સઘળી મારા લીલા૬૩
સુદામા કહે અકળ લીલા શું વખાણું મુખ થકી
ત્રીકમજી તમારી લીલા, સંપને પણ જોરી નથી ૬૪
સુદામાજી બન્યા બાવરા ભકત જનને મન ભાવે,
વ્યાસ વલ્લભ વાણી વદેછે, કૃષ્ણ કળામાં જેમ આવે ૬૫

ધ્રુવાખ્યાન.

કવિ.

શ્રી ગુરૂ ગોવિંદને વરણવું પ્રેમ શું લાગુ પાય
આરાધું અવિનાશ એવા આનિરજન રાય જે. ૧
આદી નિરંજન અકળ સ્વરૂપ રામે લાધા રમવારૂપ
સૃષ્ટિ નીપાવા થઇ મનશાય સુભટ પોઢયાજળ માંય
હરી જળમાં પોઢયા સહી શેષ, નાગ ઉપર તે જાય
નારાયણની નાભીકમળથી, બ્રહ્મા પ્રગટ થાયે;
બ્રહ્માના સ્વાયંભુ તન તેના પાંચે પુત્ર પાવન
ત્રણ કન્યા બે પુત્ર વીખ્યાત;
પ્રાયવરતપ ઉત્તાનપાદ જે. ૩
ઇત્તનપાદ નર નીપન્યો રાજા રૂપે નિધાન
રાજાને બે સુંદરી તેનાં સુરતી સુમતી નામ
સુરતી ઉપર નહીરે માન તેના ધ્રુવજી એક સંતાન

સુમતિ ઉપર છે ઘણું હેત તેનો કુંવર ઉત્તમએક ૪
ઉત્તમ ઊછંગ બેસાર્યા રાયે સભામાંહી એકવાર
પુત્ર લડાવે પ્રેમશું રાણી હઇડે હરખ અપાર
હરખ ન માયે હઇડા માંય ધ્રુવજીરમતાંઆવ્યાત્યાંય
ઉછંગબેસવા કીધાંમન અપરમાં કહેકઠણવચન. ૫

સુમતી

અપરમા એમ બોલી ભુંડા એ સુખ તુજને કયાથી
અભાગણીના પેટ તણા તુ જાત અકરમી ઇહાથી
ઇહાંથી જઇ વનમાં તપ માંડ હરી ભજીને કાયાછાંડ
ફરી જન્મ લે મારેશરીરતોતનેરાજઅપાવીશવીર ૬
વચનો વીનતાનાં સાંભળી ઉતર્યા મહોના રંગ
સભા તે સઘળી દેખતાં ધ્રુવજી થયા મનભંગ
મનભંગથઇનાંખ્યો નીવાસરોતો આવ્યો માની પાસ
માયે ચાંપ્યા રૂદીયા સાથ
કહો, કુંવર કોણે દુભાવ્યા આજ જે. ૭

ધ્રુવ

આજ સભામાં માવડી બેઠા ઉત્તમરાયને ખોળે
ઉછંગ બેસવા હું ગયો ત્યારે અપરમા એમ બોલે

અપરકહેઅભાગણીકેરા સુખવાંછો તોવનજાઓ વેલા
ફરી જન્મ લે મારે શરીર તો તને.
રાજ અપાવીશ વીર ૭

સુરતી

વળતી માતા ઉચરે કુવર હઇડે ન ધરિએ દુઃખ
પુરણ પુન્ય કીધાં હસે ત્યારે તે ભોગવે છે સુખ
સુખઆપણનેકયાંથીવાલાનીયમધર્મ કર્મનથી પાળ્યા
નથી સંતોષ્યા જોગી જતી તપ,
તીરથ વ્રત કીધાં નથી ૯
નથી સંતોષ્યા સાધુને નથી આપ્યાં વિપ્રને દાન
ઓછા કરમ જ્યાં આપણાં ત્યારે કયાંથી રાયનામાન
માન ભોગવે ઉત્તમનીત્યરેત્તવીનાકયમપામીએ વીત
જો કહો ઇંદ્રાસનનો ખપ તો, કુંવરજઇમાંડો તપ ૧૦
તપ માંડયું બ્રહ્માજીએ ત્યારે પ્રગટેયા નારદ મુન્ય
મુનીએમાંડયો મોટો જાગૃત પતીરથવ્રત થયા સુભાગ
જો કરીએશ્રીહરીપ્રસન્નતો અભાગીયાંટળીએતન ૧૧

ફેરવ

તને અભાગણુ હું ટાળું મા છુરે તમારો તન

